# જમ્મુ કાશ્મીરમાં વિનાશક પુરમાં મૃતાંક ૧૮૦

શ્રીનગર,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં દશકના સૌથી વિનાશકારી પુરમાં મોતનો આંકડો આજે વધીને ૧૮૦ ઉપર પહોંચી ગયો હતો. મોટી સંખ્યામાં લોકોને ખસેડવામાં આવ્યા છે. સુરક્ષિત લોકોને ખસેડવાની પ્રક્રિયા ચાલી રહ છે. લાખો લોકોને માઠી અસર થઈ છે. સમગ્ર જમ્મુ કાશ્મીરમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. છેલ્લા ૬૦ વર્ષમાં સૌથી વિનાશકારી પુર તરીકે આને જોવામાં આવે છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે આઅસરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહી છે. જો કે ભારે વરસાદના કારણે અનેક અડચણો આવી રહીછે. રાજ્યના કેટલાક ભાગોમાં સતત ત્રીજા દિવસે નદીઓ અને સરોવરમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર રહી છે. જેથી લોકોને સુરક્ષિત ખસેડવામાં આવી રહ્યા છે. વરસાદ અને પુર સંબંધિત બનાવોમાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે. જમ્મુ - શ્રીનગર રાષ્ટ્રીય હાઈવે સતત બીજા દિવસે આજે બંધ રહ્યો છે. મોટી સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા છે. પોલીસ,સેના અને અન્ય સંસ્થાઓ બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા છ દશકમાં સૌથી વિનાશકારી પૂર તરીકે આને જોવામાં આવે છે. આના કારણે સંપત્તિને પણ ભારે નુકસાન થયું છે. સેનાની અનેક ટુકડીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં રોકી દેવામાં આવી છે. તમામ રસ્તાઓ બંધ કરાયા છે. સંપત્તિને ભારે નુકસાન થયું છે. રાજ્યમાં તમામ નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જનજીવન સંપૂર્ણપમે ખોરવાઈ ગયું



છે. ઝેલમ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી પણ ચાર ફુટ ઉપર પહોંચી જતા ગઈકાલે જ શ્રીનગર શહેરમાં પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. દક્ષિણ કાશ્મીરના અનંતનાજ જિલ્લા અને કુલગામ ખાતે પુરના લીધે ૨૩ ગામો પુરના સકંજામાં આવી ગયા છે. છેલ્લા પાંચ દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. જેથી દક્ષિણ કાશ્મીરના અનંતનાજ અને કુલગામ જિલ્લામાં સૌથી વધારે કફોડી હાલત થઈ છે.

શ્રીનગર શહેરમાં પણ પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. તમામ ઈમરજન્સી સેવાની મદદ લેવામાં આવી રહી છે. પુરની સ્થિતિને પહોંચી વળવા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.સુત્રોએ કહ્યું છે કે શહેરમાં રામ મુન્શી બાગ ખાતે ઝેલમ નદીમાં પાણીની સપાટી ૨૨ ફુટ પર છે. જે ભયજનક સ્તરથી ચાર ફુટ વધારે છે. દક્ષિણ કાશ્મીરમાં ૨૩ ગામો પુરના સકંજામાં આવી ગયા છે. દરમિયાન છેલ્લા ઘણા દિવસથી જારી ભારે વરસાદના કારણે નવ જવાન પણ તણાઈ ગયા છે. પુલવામા જિલ્લામાં રાહત કામગીરી દરમિયાન નૌકા ઉંધી વડી જતા એક અધિકારી સહિત નવ જવાન ઝેલમ નદીના પ્રવાહમાં ફસાઈ ગયા હતા. અન્ય નવ જવાનને બચાવી લેવાયા હતા. હેલિકોપ્ટર મારફતે પણ સેવા લેવામાં આવી હતી.

## ૨૫૦૦થી વધુ ગામોને ભારે અસર : રાજનાથનો મત

શ્રીનગર ,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં વિનાશક પુરની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે ખાતરી આપી હતી કે, જમ્મુ કાશ્મીર સરકારને પુરતી તમામ મદદ કરવામાં આવશે. જમ્મુ કાશ્મીરમાં ૬૦ વર્ષના લાંબાગાળા બાદ આ પ્રકારની સ્થિતિ સર્જાઈ છે. તેમણે કહ્યું હતું કે, ૨૫૦૦ ગામોને સૌથી માઠી અસર થઈ છે જે પૈકી ૪૫૦ લોકોને સંપૂર્ણપણે ડુબી ગયા છે. ગૃહપ્રધાન પરિસ્થિતિની સમીક્ષા કરવા એક દિવસની મુલાકાતે રાજ્યમાં આવી પહોંચ્યા હતા. રાજનાથસિંહે કહ્યું હતું કે, તેઓ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને વરિષ્ઠ અધિકારીઓને મળીને પરિસ્થિતિની સમીક્ષા કરી ચુક્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અતિ ખરાબ હવામાનના લીધે તેઓ હવાઈ નિરીક્ષણ કરી શક્યા નથી. રાજનાથસિંહે જમ્મુ કાશ્મીરના



લોકો અને સરકારને ખાતરી આપી હતી કે, કેન્દ્ર સરકાર કટોકટીના સમયમાં તેમની સાથે છે. બનતી તમામ મદદ કરવામાં આવશે. જો શહેરમાં આટલું નુકસાન છે તો ગ્રામીણ વિસ્તારોમાં હાલત કેવી હશે તેની કલ્પના કરી શકાય છે. ગૃહમંત્રીની સાથે રાજ્યના અંગત, જાહેર ફરિયાદ નિવારણ અને પેન્શન પ્રધાન પણ રહ્યા હતા. સૌથી પહેલા લોકોને બચાવવાની જવાબદારી રહેલી છે. શાકભાજી, ફળફળાદી, ડાંગર, મકાઈના પાકને ભારે નુકસાન થયું છે. ૩૯૦ ગામો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. રેવન્યુ અને રાહત સચિવ વિનોદ પોલે અગાઉ કહ્યું હતું કે, ૩૯૦ ગામો ખીણમાં ડુબી ગયા છે જ્યારે ૧૨૨૫ ગામો આશંકિરીતે અસર પામ્યા છે. એકલા જમ્મુમાં ૧૦૦૦ ગામોમાં પુરના કારણે અસર થઈ છે.

# દિલ્હીમાં ૯૦ ટકા લોકો ફરી ચૂંટણી જ ઈચ્છે છે : સર્વેક્ષણ

નવી દિલ્હી,તા. ૬

દિલ્હીમાં છ મહિના સુધી રાષ્ટ્રપતિ શાસન રહ્યા બાદ હવે નાયબ રાજ્યપાલના એક અહેવાલ બાદ રાજકીય ગરમી દિલ્હીમાં વધી ગઈ છે. ભાજપ દ્વારા સરકારની રચના કરવાની શક્યતા ચકાસવામાં આવી રહી છે. આ તમામ અહેવાલો વચ્ચે હવે જે સર્વેના તારણો જારી કરવામાં આવ્યા છે તે ભાજપ માટે પણ મહત્વપૂર્ણ છે. નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હીના મોટા ભાગના લોકો નવેસરથી ચૂંટણી ઈચ્છે છે. એક અગ્રેણી અંગ્રેજી અખબારના સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હીમાં ૯૦ ટકા લોકો નવેસરથી ચૂંટણી ઈચ્છે છે. બે તૃતિયાશ લોકો માને છે કે ભાજપે લઘુમતિ સરકાર બનાવવા માટેના પ્રયાસો પણ ન કરવા જોઈએ. દિલ્હીની વર્તમાન વિધાનસભામાં ભાજપ સરકાર બનાવી શકે તેવી સ્થિતી નથી દિલ્હીમાં અડધાથી વધુ લોકો માને છે કે ભાજપ દ્વારા લઘુમતિ સરકાર ન બનાવવી જોઈએ. ભાજપ પર કરવામાં આવી રહેલા સોદાબાજીના આક્ષેપને એક તૃતિયાંશ કરતા પણ ઓછા લોકો યોગ્ય માને છે. આ પોલને માર્કેટ રિસર્ચ એજન્સી સી વોટર દ્વારા સંચાલિત કરવામાં આવ્યા બાદ ૧૦૩૮ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. સર્વે દર્શાવે છે કે ભાજપે લોકસભાની ચૂંટણીમાં દરેક બેઠક પર એક લાખ કરતા વધારે મત મેળવ્યા હોવા છતાં ભાજપ ચૂંટણીની તરફેણમાં નથી.

મિડિયાની ગણતરી કહે છે કે આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં તમામ તાકાત લગાવી દીધી છે અને ભાજપને પોતાની જીતનો વિશ્વાસ નથી. દિલ્હીની પ્રજા પણ આવી જ ધારણા ધરાવે છે. પોલના જણાવ્યા મુજબ ૪૩ ટકા લોકો માન છે કે ફરી ચૂંટણી થાય તો આમ આદમી પાર્ટીને બહુમતિ મળસે જ્યારે ૩૭ ટકા લોકો માને છે કે ચૂંટણી થાય તો ભાજપને બહુમતિ મળશે. આમ આદમી પાર્ટીના લીડર અરવિન્દ કેજરીવાલ હજુ ૩૪.૪ ટકા લોકોના મત સાથે દિલ્હીના મુખ્યપ્રધાન પદ માટે લોકોની પહેલી પસંદ છે.

# આઈએસઆઈએસને કચડી નાંખવા માટે ઓબામા તૈયાર

ન્યુયોર્ક,તા. ૬

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ હાલમાં ઈરાક અને સિરિયામાં વધારે આંતક મચાવી રહેલા ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટની તાકાતને કચડી નાંખવા માટે કમર કસી લીધી છે. ઈરાક અને સિરિયામાં તેની સામે વધારે તાકાત સાથે અમેરિકા હવે ત્રાટકવા માટે ઈચ્છુક છે. ઓબામાએ સંકલિત લશ્કરી વ્યુહરચના તૈયાર કરી છે. તેમના પુર્વોગામી જ્યોર્જ બુશ દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યુહરચના પર તેઓ હવે આગળ વધશે. અમેરિકા અને તેના મિત્ર દેશો દ્વારા આઈએસઆઈએસ સામે નવી નિતી તૈયાર કરવામાં આવી છે. મધ્યપૂર્વના દેશોમાં તેના નેટવર્કને ફેલાવી રહેલા ત્રાસવાદી સંગઠનને ખતમ કરવા માટે નિતી તૈયાર કરવામાં આવી છે. આ સંગઠને તાજેતરના સમયમાં અલ કાયદા કરતા વધારે તાકાત મેળવી લીધી છે. ઓબામાએ કહ્યું છે કે અમેરિકા દ્વારા હવાઈ હુમલાની સાથે સાથે હવે નવી નિતી અપનાવાશે. જેથી તેની પ્રવૃતિ ઘટશે. સિરિયામાં હવાઈ હુમલા કરવામાં આવે તેવી પણ શક્યતા છે. ઈરાકમાં અમેરિકામાં મર્યાદિત વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા છે. નવી નિતી પર છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી હતી. અમેરિકાના હવાઈ હુમલા છતાં આ સંગઠને સિરિયા અને ઈરાકના અનેક ભાગોમાં તેનુ પ્રભુત્વ જમાવી લીધુ છે. સામૂહિક હત્યા, પત્રકારોની ગળુ કાપીને હત્યા જેવા બનાવોને કારણે આ સંગઠનની નોંધ લેવાઈ છે. તેમાં ભરતી પણ ચાલી રહી હોવાના અહેવાલમ મળ્યા છે. આ સંગઠને અલ કાયદા કરતા વદુ શક્તિ એકત્રિત કરી છે.

# હાલમાં મોદી લહેર નબળી થઈ હોવાનો અમિત શાહનો સંકેત

## કોંગી-એનસીપીના ૧૫ વર્ષના કુશાસનનો પર્દાફાશ કરવા અમિતશાહ મહારાષ્ટ્રમાં આક્રમક પ્રચાર કરવા સુસજ્જ

મુંબઈ,તા. ૬

વિરોધ પક્ષના દાવા બાદ હવે ભાજપના નવા પ્રમુખ અમિત શાહ પણ કબુલી ચુક્યા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લહેર નબળી પડી રહી છે. શાહે પાર્ટીના મહારાષ્ટ્ર એકમના નેતાઓને સલાહ આપી છે કે તેઓ સત્તારૂછ કોંગ્રેસ અને એનસીપીના ૧૫ વર્ષના કુશાસનનો પર્દાફાશ કરવા માટે ચૂંટણી પ્રચાર પર સંપૂર્ણપણે ધ્યાન આપે. નરેન્દ્ર મોદીના કરિશ્મા પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે ચૂંટણી પ્રચારમાં સક્રિય રીતે સામેલ થવા માટે અપીલ કરવામાં આવી છે. દરમિયાન ભગવા ગઠબંધન માટે ખુબ સારા સમાચાર છે. કારણ કે ભાજપ અને શિવ સેનામાં પાર્ટીમાં બેઠકોની વહેચણીને લઈને ગતિરોધ દુર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. શિવ સેનાના એક નેતાએ કહ્યું છે કે બન્ને પાર્ટીની ઉમેદવારોની સંયુક્ત યાદી આગામી સપ્તાહમાં જારી કરવામાં આવે તેવી શક્યતા છે. આની સાથે સાથે ભાજપના એમએનએસની સાથે જવાની શક્યતા પણ ખતમ થઈ ગઈ છે. પાર્ટીની રાજ્યની કોર કમિટિને નેતાઓ સાથે વાતચીત કરતા અમિત શાહે સંકેત આપ્યો છે કે, જે મોદી લહેરની તાકાત ઉપર પાર્ટીએ રાજ્યની ૪૮ લોકસભા બેઠક પૈકી ૨૩માં જીત મેળવી હતી તે હવે નબળી પડી શકે છે. આના કારણનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું હતુ કે, લોકોની વિચારધારા સમય સમયે બદલાય છે. શાહે કોર કમિટિના નેતાઓને કહ્યું હતું કે, તેઓ આગામી બે સપ્તાહ સુધી સમગ્ર રાજ્યનો પ્રવાસ કરશે જેથી રાજ્યમાં કોંગ્રેસ અને એનસીપીની સામે માહોલ સર્જવામાં આવશે. ભાજપના નેતા વિનોદ તાવડેનું કહેવું છે કે, અમારી સાથે વાતચીત કરતી વેળા અમિત શાહ ખુબ જ ઉત્સાહિત દેખાતા હતા. મહારાષ્ટ્રની રણનીતિને લઈને તેમની વિચારધારા બિલકુલ સ્પષ્ટ છે. પોતાના ભાષણથી અમિત શાહે કોર કમિટિને પ્રેરિત કર્યા છે. તાવડેના આવાસ ઉપર જ કોર કમિટિની બેઠક યોજાઈ હતી. પાર્ટીના વરિષ્ઠ નેતા ઓમપ્રકાશ માથુરને રાજ્યમાં ચૂંટણી માટે પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે. માથુરને અમિત શાહ અને મોદી બંનેના વિશ્વાસુ તરીકે ગણવામાં આવે છે. અમિત શાહના પ્રવાસથી ભાજપના નેતાઓ ખુબ જ ખુશ છે. ખાસ કરીને શિવસેનાની સામે પણ કડક વલણ અપનાવ્યું છે. અમિત શાહ એમ પણ કહી ચુક્યા છે કે, બદલાઈ ચુકેલી રાજકીય સ્થિતિમાં પૂર્વ નેતાઓ દ્વારા પાળવામાં આવેલા પ્રોટોકોલને હવે પાળવામાં આવશે નહીં. અગાઉ ભાજપના કેન્દ્રીય નેતા મુંબઈ પહોંચતા હતા ત્યારે માતોશ્રી પહોંચતા હતા. મોડેથી મુંબઈ પહોંચેલા અમિત શાહ માતોશ્રી જવા ઈચ્છુક ન હતા. મોડેથી ઉદ્ધવ ઠાકરેએ ફોન કરીને અમિત શાહને આમંત્રણ આપ્યું હતું જેથી માતોશ્રી પહોંચ્યા હતા.

# ઓરિસ્સામાં પણ ભારે વરસાદથી એલર્ટ જાહેર


ભુવનેશ્વર, તા.૬

ઓરિસ્સામાં પણ અતિ ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રાજ્ય સરકારે દરિયા કાંઠા અને આંતરિક જિલ્લાઓના કલેક્ટરોને એલર્ટ રહેવા માટે સૂચના આપી છે. કારણ કે, ઓરિસ્સામાં જુદા જુદા ભાગોમાં આજે સતત બીજા દિવસે અતિ ભારે વરસાદ થયો હતો. બંગાળના અખાતમાં લો પ્રેશરની સ્થિતિ સર્જાઈ છે જેના લીધે હાલત કફોડી બનેલી છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન અતિ ભારે વરસાદની આગાહી કરી છે. માછીમારોને દરિયામાં ન જવાની સૂચના આપવામાં આવી છે. રાજ્યના વહીવટીતંત્રએ તમામ બાબતોની નોંધ લીધી છે અને સ્થિતિને સાનુકુળ બનાવવાના પ્રયાસો હાથ ધર્યા છે. એક બાજુ જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતિ સર્જાઈ છે ત્યારે ઓરિસ્સામાં પણ ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બની છે.

# પાર્ટી મંચ ઉપર પોતાની વાત કરવા કોંગ્રેસ નેતાઓને હુકમ

નવી દિલ્હી,તા. ૬

લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસમાં લીડરશીપ અને રાહુલ ગાંધીને લઈને ઉઠી રહેલા પ્રશ્નો વચ્ચે પાર્ટીના નેતાઓને હવે જાહેરમાં આડેધડ નિવદેન ન કરવાની સ્પષ્ટ સુચના આપી દેવામાં આવી છે. આ તમામ નેતાઓને તેમની વાત પાર્ટીના મંચ પર જ કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. પાર્ટીમાં ચાલી રહેલી ખેંચતાણનો અંત લાવવાના હેતુથી આ નિતી અપનાવવામાં આવી છે. લોકો અને મિડિયામાં પોતાની વાત કરવાના બદલે



પાર્ટીના મંચ પર તેમની રજૂઆત કરવા માટે તમામ નેતાઓને કહેવામાં આવ્યું છે. કોંગ્રેસમાં સંગઠન મહાસચિવ જનાદર્ન દ્વિવેદીએ પાર્ટીના નેતાઓને પત્ર લખીને આ સુચના આપી છે. સુત્રોએ કહ્યું છે કે દ્વિવેદીએ પાર્ટીના નેતાઓને સલાહ આપી છે કે લીડરશીપને લઈને જે કઈ પણ વાત કરવી છે તે પાર્ટીમાં કરવામાં આવે. મિડિયામાં કોઈ વાત કરવામાં ન આવે. હાલમાં જ કોંગ્રેસના સચિવોએ રાહુલ ગાંધીના બચાવમાં એક પાર્ટી બેઠક યોજી હતી. જેમાં નિર્ણય કરવામાં આવ્યો હતો કે સિનિયરોને પત્ર લખીને અપીલ કરવામાં આવે કે જાહેરમાં કોઈ નિવદન કોઈ નેતા દ્વારા રજૂ કરવામાંમ આવે. ત્યારબાદ ગુરૂવારે પણ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં પાર્ટીના ચાર સચિવો હરીશ ચૌધરી, નસીબ સિંહ, પ્રકાશ જોશી અને શકીલ અહેમદ ખાને દ્વિવેદીને મળીને તેમની રજૂઆત કરી હતી. આ લોકોએ દ્વિવેદીને સંગઠનના સચિવો દ્વારા મહાસચિવોને લખવામાં આવેલા પત્ર સોંપ્યા હતા. ત્યારબાદ ગઈકાલે જ દ્વિવેદીએ આ પત્રની સાથે જ સુચના આપીને તમામ મહાસચિવોને પત્ર લખીને જાણ કરી છે. કોંગ્રેસની હાલત હાલમાં ખુબ ખરાબ છે. એકબાજુ હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે. બીજી બાજુ કોંગ્રેસમાં ખેંચતાણ સતત ચાલી રહી છે.

# વૈષ્ણોદેવીની યાત્રાના શ્રદ્ધાળુઓ અટવાયા

શ્રીનગર,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં વિનાશકારી પુરના કારણે લોકોની હાલત કફોડી બનોલી છે. ઉધમપુરમાં ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે. ભેખડો ધસી પડવાથી જમ્મુ-કતરા રેલવે લાઈનને બંધ કરવામાં આવી છે. કતરા જતી ટ્રેનને જમ્મુમાં રોકી દેવામાં આવી છે. ભેખડો ધસી પડવાના પરિણામે જુદી જુદી જગ્યાઓ માર્ગો બ્લોક થઈ ગયા છે. આશરે ૧૦૦૦૦ જેટલા શ્રદ્ધાળુ કતરામાં ફસાઈ ગયા છે. વૈષ્ણોદેવીની યાત્રાએ ગયેલા આ શ્રદ્ધાળુઓ ખુબ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વૈષ્ણાદેવીની યાત્રામાં ગયેલા શ્રદ્ધાળુઓ માટે વિશેષ પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે અતિ ખરાબ હવામાનના કારણે મુશ્કેલીનો સામનો લોકો કરી રહ્યા છે. ભેખડો ધસી પડવાથી જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય હાઈવેને આજે પણ બંધ રાખવામાં આવ્યો હતો જેથી વાહનો પણ અટવાઈ પડ્યા છે.

# જામા મસ્જિદ કેસ : આઈએમ શખ્સની આખરે અટકાયત થઈ

લખનૌ, તા.૬

વર્ષ ૨૦૧૦માં થયેલા જામા મસ્જિદ હુમલામાં સંડોવાયેલા ઈન્ડિયન મુઝાહિદ્દીનના કુખ્યાત શખ્સની ઉત્તરપ્રદેશમાં ધરપકડ કરવામાં આવી હોવાના સમાચાર મળ્યા છે. આને ખુબ મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. ઝડપાયેલા શખ્સની આકરી પુછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે આ સંદર્ભમાં માહિતી આપતા કહ્યું છે કે, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા પશ્ચિમી ઉત્તરપ્રદેશમાંથી ઈન્ડિયન મુઝાહિદ્દીનના શખ્સની ધરપકડ કરી લીધી



હતી. ઝડપાયેલો શખ્સ પુણેનો એઝાઝ શૈખ હોવાનું જાણવા મળ્યું છે. તેની સુરક્ષા સંસ્થાઓ સાથેના સંયુક્ત ઓપરેશનમાં સહારનપુરમાંથી ધરપકડ કરી લેવામાં આવી હતી. સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ એસએન શ્રીવાસ્તવે માહિતી આપતા કહ્યું હતું કે, એઝાઝ શેખની ધરપકડ કરી લેવામાં આવી છે અને તેની પુછપરછ કરવામાં આવી રહી છે. ડીસીપી સંજીવ યાદવના નેતૃત્વમાં એક ટીમ દ્વારા ઘણા મહિનાઓથી તેની શોધખોળ કરવામાં આવી રહી હતી. આખરે તેની ધરપકડ કરવામાં સફળતા હાથ લાગી છે. શેખ વર્ષ ૨૦૧૦માં જામા મસ્જિદ ઉપર થયેલા હુમલા સહિત અનેક હુમલાઓમાં સીધીરીતે સામેલ હતો. એઝાઝ શેખ છેલ્લા ઘણા વર્ષો સુધી ભારતીય સુરક્ષા સંસ્થાઓને થાપ આપી રહ્યો હતો. પુણેમાં શિક્ષણ મેળવી ચુકેલા શેખનું નામ ટોચના આઈએમ શખ્સોની પુછપરછ દરમિયાન પણ સપાટી પર આવ્યું ન હતું. તે કરાંચીમાં રહેલા ભટકલ બંધુઓ સાથે સીધીરીતે સંપર્કમાં હતો અને આઈએમમાં એ વખતે જોડાયો હતો જ્યારે તલહા પુણેમાં યુવાનોને ભરતી કરી રહ્યો હતો. તેની પુછપરછ બાદ કેટલીક નવી વિગતો સપાટી ઉપર આવે તેવી શક્યતા છે.


## સમાચાર ઝલક

- કાશ્મીર પંડિતો માટે જમીન શોધી કાઢવા રાજનાથસિંહનું કાશ્મીર સરકારને સૂચન.
- જલ્લાદનો પુત્ર નવો જલ્લાદ બનશે : પિતાએ ૧૧ને ફાંસીએ લટકાવ્યા હતા.
- મુંબઈમાં ફરીવાર ગેંગવાર થવાની શકયતા : પોલીસ સક્રિય બની.
- મોરબી પંથકમાં તસ્કરોનો તરખાટ : ૪ મંદિરો અને અન્ય ૬ સ્થળોએ ચોરી.
- કરની વસુલાત વારસદાર પાસેથી પણ થઈ શકે છે : ગુજરાત હાઈકોર્ટ.
- કેન્દ્રના લઘુઉદ્યોગ દ્વારા નોકરી મેળવવા માટેની યોજના - મીસકોલ કરોને માહિતી મેળવો.
- અલંગમાં હાહાકાર પાંચ ડુબ્યા જેમાં બે સગાભાઈઓ.
- અભિનેત્રી મલ્લિકા શેરાવત સામે રાષ્ટ્રધ્વજના અપમાનનો કેસ નોંધાયો.
- દેશની વિવિધ અદાલતોમાં 3 કરોડ કેસ પડતર.
- તા.૧૦મીથી મેઘરાજાના આગમનની આગાહી.
- ખેડૂતોને પાક વિમાની સાથો સાથ ઉપજ-ભાવ સામે પણ રક્ષણ મળશે.
- ફિલ્મ અભિનેત્રી પ્રિતી ઝીંટા અને નેસ વાડિયા સામે સમાધાનની શકયતાઓ.
- કુપોષણના નવા પ્રોજેક્ટમાં ૨૦૦ જિલ્લાઓમાં અમલ થશે.
- રાજકોટમાં ગુંડાગીરીના વિરોધમાં શહેરીજનોનો પ્રચંડ રોષ -ચક્કાજામ.
- ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સુરત કોર્ટમાં ડોન બબલુ શ્રીવાસ્તવને રજુ કરાયો.

# યુએસ ઓપન : સેરેના અને વોઝનિયાકી વચ્ચે ફાઇનલ

ન્યુયોર્ક,તા. ૬

ન્યુયોર્કમાં ફલુસીંગ મેડોઝ ખાતે રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં આવતીકાલે રવિવારે મહિલાઓની સિંગલ્સ ફાઈનલ મેચ સેરેના વિલિયમ્સ અને વોઝનિયાકી વચ્ચે રમાશે. બન્ને વચ્ચેની મેચ રોમાંચક બને તેવી શક્યતા છે. બન્ને એકબીજાને હાર આપવા માટેની તૈયારીમાં




છે. સેરેના વિલિયમ્સના ફોર્મને જોતા તે હોટફેવરીટ દેખાઈ રહી છે. સેરેના સતત ૨૦ મેચો અહીં જીતી ચુકી છે. વર્ષ ૨૦૦૯માં વોઝનિયાકી યુએસ ઓપન ટાઈટલ મેચ હારી ગઈ હતી. જેથી તેને બદલો લેવાની તક રહેલી છે. બીજી બાજુ સેરેના નવો ઈતિહાસ રચવા જઈ રહી છે. જો તે સતત ૨૧મી મેચ જીતી જસે તો પ્રથમ ક્રમાંકિત ખેલાડી સેરેના સતત ત્રણ વખત યુએસ ઓપન જીતનાર વર્ષ ૧૯૭૦ બાદ પ્રથમ ખેલાડી બની જશે. વર્ષ ૧૯૭૦માં આ સફળતા ક્રિસ એવર્ટે મેળવી હતી. શુક્રવારે જીત સાથે જ સેરેના નવા રેકોર્ડ પણ કરી ચુકી છે. આની સાથે જ તે સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચનાર પાંચમી ખેલાડી બની ગઈ છે. ક્રિસ એવર્ટે સૌથી વધુ ૩૪ વખત, માર્ટિના નવરાતિલોવાએ ૩૨ વખત અને સ્ટેફી ગ્રાફે ૩૧ વખત ફાઈનલમાં કુચ કરી હતી. સેરેના વિલિયમ્સે હજુ સુધી ૨૨ વખત ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચીને ૧૭માં જીત મેળવી ચે અને ચારમાં તેની હાર થઈ છે. જે સારો રેકોર્ડ છે.

સેરેના છઠ્ઠી વખત યુએસ ઓપન જીતવાની દિશામાં આગળ વદી રહી છે. તે કુલ ૧૮ ગ્રાન્ડ સ્લેમ જીતી ચુકી છે. તે ક્રિસ એવર્ટ અને માર્ટિના નવરાતિલોવાની બરોબરી કરી લેશે. તમામ અમેરિકી ચાહકોની નજર સેરેના વિલિયમ્સ પર કેન્દ્રિત રહેશે. મોટા ભાગના નિષ્ણાંતો પૅણ માની રહ્યા છે કે સેરેના જીત મેળવી લેવામાં સફળ રહેશે.

# પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર અને ઉત્તરપૂર્વીય પંજાબ પ્રાંતમાં સતત થઈ રહેલ ભારે વરસાદ

ઈસ્લામાબાદ, તા.૬

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર અને ઉત્તરપૂર્વીય પંજાબ પ્રાંતમાં સતત થઈ રહેલા ભારે વરસાદના કારણે લોકોની હાલત કપોડી બનેલી છે. ભારે વરસાદ બાદ પુરના કારણે હજુ સુધી ૧૬૦ લોકોના મોત થયા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે સૌથી વધારે લોકોના મોત લાહોર શહેરમાં થયા છે. રાવલપિંડીમાં પણ પુર પ્રભાવિત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવવા માટે હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી છે. મોટા ભાગના લોકોના મોત મકાનો ધરાશાયી થવા, ભેખડો ધસી પડવા અને કંરટ લાગવાના કારણે થયા છે. પાકિસ્તાનના હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુંહતું કે ઉત્તરપૂર્વીય પંજાબ અને કાશ્મીરમાં પુરની ચેતવણી જારી કરવામાં આવી છે. આવનાર દિવસોમાં વધુ વરસાદ થવાની આગાહી જારી કરવામાં આવી છે. જેથી સામાન્ય લોકોને હાલમાં કોઈ રાહત નહી મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. પુરની ચેતવણી જારી કરવામાં આવી છે. વડાપ્રધાન નવાઝ શરીફ



સામે છેલ્લા ત્રણ સપ્તાહતી વિરોધી પાર્ટીઓ જોરદાર પ્રદર્શન કરી રહી છે. આવી સ્થિતીમાં કુદરીત હોનારતના લીધે હાલત કફોડી બની છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ચેરમેન મેજર જનરલ મોહમ્મદ સઈદે પુરના કારણે ઉભી થયેલી સ્થિતી અંગે તમામને માહિતી આપી છે. વડાપ્રધાનને પણ આ અંગે માહિતી આપવામાં આવી છે.

પંજાબ, પોક્ને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં સૌથી વદારે પુરની સ્થિતી ગંભીર બની છે. લાહોર અને રાવલપિડી ડિવીઝનમાં પુરની સ્થિતી સૌથી ગંભીર બની છે. ચેનાબ અને જેલમમાં પણ પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. ગુજરાનવાલા અને રાવલપિંડીમાં ચારેબાજુ પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. જમ્મુ કાશ્મીરમાં પણ પુરની સ્થિતી હાલ ગંભીર બનેલી છે.